## સંક્ષિપ્ત સમાચાર

### વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે બોડેલી તાલુકામાં સ્ક્રીનિંગ, સારવાર અને માર્ગદર્શન કેમ્પ યોજાયો

**બોડેલી** : વિશ્વ સિકલસેલ દિવસ નિમિત્તે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ 2047 સુધી દેશને સિકલસેલ મુક્ત બનાવવાના સંકલ્પને અનુલક્ષીને બોડેલી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તાડકાછલા દ્વારા વડાતલાવ ખાતે આવેલી GLRS તથા મોડલ સ્કૂલમાં સિકલસેલ સ્ક્રીનિંગ, સારવાર અને માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ અન્ય લાભાર્થીઓનું સિકલસેલ રોગ માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જરૂરી સારવાર, પરામર્શ અને સિકલસેલ રોગ અંગે જાગૃતિ લાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની ટીમે સમગ્ર કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. આ કાર્યક્રમમાં સિકલસેલ ટીમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તાડકાછલાના મેડિકલ ઓફિસર, આર.બી.એસ.કે. (RBSK) ડોક્ટરોની ટીમ, મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઇઝર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તાડકાછલાની આરોગ્ય ટીમ દ્વારા સક્રિય સહભાગિતા નોંધાવવામાં આવી હતી. આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે આવા આરોગ્યલક્ષી અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા સિકલસેલ રોગની વહેલી ઓળખ, યોગ્ય સારવાર અને તેના નિયંત્રણ માટે સમાજમાં જાગૃતિ લાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### ડભોઇ ના ઝારોલાવાગા સ્થિત વિશ્વકર્મા મંદિરે 33 મા પાટોત્સવ ની ભક્તિભાવ સાથે ઉજવણી



**ડભોઇ** : ડભોઇ ના ઝારોલાવાગા સ્થિત પ્રભુ વિશ્વકર્મા મંદિરે આજરોજ પંચોલી સુથાર જ્ઞાતિ ટ્રસ્ટ ના ઉપક્રમે પ્રભુ વિશ્વકર્મા મંદિરે 33 મા પાટોત્સવ ની ઉજવણી કરવામા આવી હતી.જેમા સવાર ના 07-30 વાગે કેસર સ્નાન બાદ 08-30 વાગે પુજા પ્રારંભ,ત્યારબાદ 10-30 વાગે ધજાપુજન બાદ સાંજે 05-વાગે શ્રીફળ હોમવાનો કાર્યક્રમ તેમજ સાંજે સમાજ ના લોકો અને પ્રભુ વિશ્વકર્માના ભક્તો એ સમુહ ભોજન મા હાજરી આપી ધાર્મિક કાર્યક્રમ નો ભક્તિભાવ સાથે લ્હાવો લઈ પોતાની જાત ને ધન્ય બનાવી હતી. ડભોઇ ના ઝારોલાવાગા સ્થિત પ્રભુ વિશ્વકર્મા ના મંદિરે 33 મા પાટોત્સવ નુ વડોદરા ના રહીશ સ્વ.રમેશચંદ્ર ચીમનલાલ મિસ્ત્રી અને સ્વ.ઉષાબેન રમેશચંદ્ર ના સુપુત્ર મિતેશભાઈ રમેશચંદ્ર અને તેમના પત્ની શીતલબેન મિતેશભાઈ મિસ્ત્રી ના મુખ્ય યજમાન પદે પંચોલી સુથાર જ્ઞાતિ ટ્રસ્ટ ડભોઇ દ્વારા આયોજન કરવામા આવ્યુ હતુ. ધાર્મિક કાર્યક્રમ હોય પ્રભુ વિશ્વકર્મા મંદિરે આવતા ભક્તજનો મા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

### મોહરમ નિમિત્તે મંજુસરમાં ભવ્ય 'ઝિક્રે શોહદા-એ-કરબલા'નું આયોજન



**સાવલી** : સાવલી અને મંજુસર ગામે મોહરમ પર્વની ઉજવણી ના ભાગરૂપે"ઝિક્રે શોહદા-એ-કરબલા" નું આયોજન કરવામા આવ્યું હતું જેમાં હાજર ઉલેમા ઓ એ કરબલા ની સમગ્ર કથા અને સંદેશો શ્રોતા જનો સમક્ષ બયાન કરતા અશ્રુભીની આંખ સાથે હાજર જનોએ શ્રધ્ધાંજલી પાઠવી હતી. સાવલીવડોદરા રોડ પર આવેલ મંજુસર ગામમાં ઇસ્લામધર્મનું કેલેન્ડરવર્ષ ની શરૂઆત મોહર્મ મહિનાના અનુસંધાને મોહર્મ મહિનાની બીજી તારીખે એક ભવ્ય અને પવિત્ર ધાર્મિક કાર્યક્રમ શોહદા-એ-કરબલા" નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું જેનું આયોજન 'વકારી મદારી ચંગ સર્કલ (વડોદરા)' દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં ઇસ્લામિક જગતના નામાંકિત વિદ્વાનો અને ધર્મગુરુઓ ખાસ ઉપસ્થિત રહી અસત્ય સાથે કરબલા માં થયેલ લડાઈ અને મોહમ્મદ પયગંબર ના દોહિત્રો સહિત 72 યોદ્ધાઓ એ શહીદી વ્હોરી આપેલ કુરબાની વિષયે વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો.

### નવાગામ આર.એફ. વિસ્તારમાં વન વિભાગની કામગીરીની તપાસની માંગ



**છોટાઉદેપુર** : આર.એફ. (Reserved Forest) વિસ્તારમાં વન વિભાગ દ્વારા ચાલી રહેલી કામગીરી અંગે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા નવાગામ ના ખેડૂતો એ જિલ્લા કલેક્ટર ને આવેદન આપ્યું. છોટાઉદેપુર તાલુકાના નવાગામ તથા આસપાસના વિસ્તારના ગ્રામજનો અને ખેડૂતો આજરોજ જિલ્લા કલેક્ટર ને આવેદન આપ્યું હતું આવેદન પત્ર માં જણાવ્યું હતું કે નવાગામ આર.એફ. વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વન વિભાગ દ્વારા વિવિધ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેને લઈને સ્થાનિક ગ્રામજનોમાં ભારે ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે. નવાગામ આર.એફ. વિસ્તારમાં આવેલા વિવિધ પ્લોટોમાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો વર્ષોથી ખેતી તથા જીવનનિર્વાહની પ્રવૃત્તિઓ કરતા આવ્યા છે. હાલમાં વન વિભાગ દ્વારા ગ્રામજનોને યોગ્ય પૂર્વ જાણકારી આપ્યા વિના ખાડા ખોદવા, વૃક્ષારોપણ તેમજ અન્ય કામગીરી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. જેના કારણે ખેડૂતો અને ગ્રામજનોમાં પોતાના હકો અને જમીન અંગે ભય અને અસુરક્ષાની લાગણી ફેલાઈ રહી છે.

### બોડેલી પોલીસ દ્વારા નવજીવન સ્કૂલ ખાતે સાયબર ક્રાઇમ, નાર્કોટિક્સ ડ્રગ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**બોડેલી** : બોડેલી પી એસ આઇ રાઠોડ સાહેબ ના અધ્યક્ષ સ્થાને બોડેલી પોલીસ સ્ટેશનના વિસ્તાર હેઠળ આવેલ નવજીવન હાઈસ્કૂલ ખાતે બોડેલી પોલીસ દ્વારા "સાયબર ક્રાઇમ જાગૃતિ", "ટ્રાફિક જાગૃતિ" તેમજ "નાર્કોટિક્સ ડ્રગ્સ જાગૃતિ" અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓથી બચવા માટેની સાવચેતીઓ, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ફ્રોડ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ટ્રાફિક નિયમોનું પાલન, રોડ સલામતી અને વાહન ચલાવતી વખતે અનુસરવાના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નાર્કોટિક્સ ડ્રગ્સના વધતા પ્રભાવ સામે યુવાનોને જાગૃત કરવા માટે ડ્રગ્સના સેવનથી થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને નશીલા પદાર્થોથી દૂર રહેવા તેમજ સમાજમાં જાગૃતિ ફેલાવવા અપીલ કરવામાં આવી હતી.

---

#### ધનતેજ-સધાપુરા માર્ગ બંધ, નોકરિયાતો-વિદ્યાર્થીઓને ૧૦ કિમીનો વધારાનો ફેરો

# કરડ નદી પરનું ડાઈવર્ઝન ધોવાતા ધનતેજ-સધાપુરા વચ્ચે સંપર્ક તૂટ્યો

(પ્રતિનિધિ) સાવલી, તા.19

સાવલી તાલુકા ના ધનતેજ સધાપુરા ની વચ્ચે કરડ નદી પર બનાવેલ ડાઈવર્ઝન વરસાદી પાણીથી ધોવાતા પંથકવાસીઓને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે અને વહેલી તકે વૈકલ્પિક ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે.



મળતી માહિતી મુજબ સાવલી તાલુકા ધનતેજ સધાપુરા ગામની વચ્ચે થી કરડ નદી પસાર થાય છે અને સાવલી ડેસર તાલુકા ની વચ્ચેથી આ નદી પસાર થાય છે તેવામાં તાલુકાજનોની વર્ષો જૂની માંગના પગલે ડેસર તાલુકાની જોડતો કરડ નદી પર નવીન બ્રિજનું કામ ચાલુ છે તેના પગલે તાલુકા જનોને અવરજવર કરવા માટે તંત્ર દ્વારા ડાઈવર્ઝન આપીને વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી પરંતુ વરસાદી પાણી માં કરડ નદી પર બનાવેલ વૈકલ્પિક માર્ગ પાણીના પ્રવાહથી વહી જતા પંથકવાસીઓને ભારે આપદા ભોગવવાનો વારો આવ્યો છે અને હાલ બંને તાલુકા સંપર્ક વિહોણા થઈ ગયા છે જેમાં ખાસ કરીને નોકરિયાત વર્ગ ખેડૂત વર્ગ અને વિદ્યાર્થી વર્ગને જવા માટે દસ કિલોમીટરનો ફેરો વધી ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને હાલ કરડ નદી ઉપર નો બે ગામોનો માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ જવા પામ્યો છે.

તેના પગલે સમગ્ર પંથકવાસીઓ વૈકલ્પિક માર્ગ ડાયવર્ઝન ની ગુણવત્તા સામે સવાલો ઊભા કર્યા છેઅને યુધ્ધ ના ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા કરવા સધાપુરા ધનતેજ ના લોકોની તંત્ર પાસે માંગ કરી રહ્યા છે હાલ નદીના બંને છેડે વસતા ગામોના નાગરિકોને અવર-જવર કરવા માટે ભારે સમસ્યા ઊભી થઈ છે ત્યારે સંબંધિત તંત્ર વહેલી તકે લોક લાગણીને માન આપીને વૈકલ્પિક ઉકેલ લાવે તેવી માંગ ઉઠી છે.

### સાવલી પોલીસે કંપની સહિત બે સામે તપાસ હાથ ધરી

**સાવલી** : સાવલી તાલુકાની ગ્રીનપ્લાય કંપનીમાં ખેડૂતોની સબસીડી વાળુ યુરિયા ખાતર ગેરકાયદેસર વપરાશ વપરાશ કરવાના મુદ્દે નાયબ ખેતી નિયામક વિસ્તરણ અધિકારી ની ફરિયાદના આધારે સાવલી પોલીસે કંપની ના વહીવટકર્તા સહિત બે સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

સાવલી-હાલોલ રોડ પર શેરપુરા ગામ ખાતે આવેલી ગ્રીનપ્લાય સ્પેશિયાલિટી પેનલ્સ પ્રા. લિ. કંપની આવેલી છે આ કંપની સામે ખેતી માટે વપરાતા સબસિડીવાળા નીમ કોટેડ યુરિયાનો ઔદ્યોગિક હેતુ માટે ગેરકાયદેસર વપરાશ નો આક્ષેપ થયો છે ખેડૂતો માટે સરકાર સબસીડી વાળો યુરિયા ખાતર આપે છે પરંતુ ખેડૂતોની આડ માં કેટલાક ઔદ્યોગિક એકમો પોતાની વિવિધ બનાવટો માટે યુરિયા વાપરતા હતા.

---

#### દોઢથી બે માસથી ચાલતા ખનન સામે સત્તાધીશોનું સૂચક મૌન

## મોભારોડ-મોભા વચ્ચે ગૌચર જમીનમાંથી માટી ચોરીના આક્ષેપ

"**ગૌચર** જમીનમાંથી લાખોની માટી ગાયબ? પંચાયત, ખનન માફિયા અને સત્તાધીશોની ભૂમિકા તપાસના ઘેરામાં"

(પ્રતિનિધિ) પાદરા, તા.19

પાદરા તાલુકાના મોભારોડ થી મોભા ગામની વચ્ચે સીમ વિસ્તારમાં આવેલી ગૌચર જમીન પર છેલ્લા દોઢથી બે માસથી મોટા પાયે માટી ખનન થતું હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગૌચર તરીકે નોંધાયેલી સરકારી જમીનમાંથી માટી કાઢી તેનું વેચાણ કરવામાં



આવતું હોવાની ચર્ચાઓએ સ્થાનિક સ્તરે ભારે ચકચાર મચાવી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ બિલ્ડરો અને માટી માફિયાઓ દ્વારા દિવસ-રાત જેસીબી અને ટ્રેક્ટરો મારફતે માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે આ સમગ્ર પ્રક્રિયા લાંબા સમયથી ચાલતી હોવા છતાં જવાબદાર વિભાગો, ગ્રામ પંચાયત અને સ્થાનિક તંત્ર તરફથી કોઈ અસરકારક કાર્યવાહી જોવા મળી નથી.

ચર્ચા છે કે ગૌચર જમીનમાંથી લાખો રૂપિયાની કિંમતની માટી કાઢવામાં આવી રહી છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો પ્રશ્ન એ ઊભો થાય છે કે ગૌચર જમીન પર આટલા મોટા પાયે ખનન કરવાની મંજૂરી કોણે આપી? અને જો મંજૂરી નથી તો જવાબદાર અધિકારીઓ અત્યાર સુધી મૌન કેમ છે? સમગ્ર મામલામાં સૌથી મોટો સવાલ એ છે કે ગૌચર જમીન ગામની સંપત્તિ ગણાય છે, છતાં ગામના સરપંચ અથવા ગ્રામ પંચાયત દ્વારા કોઈ લેખિત રિપોર્ટ કે ફરિયાદ કરવામાં આવી નથી.


#### મુક-બધિર બાળકની ઓળખ શોધવામાં AI અને ગૂગલ મેપ બન્યા મદદગાર

## AI બન્યું આશાનું કિરણ, ગુમ બાળક પહોંચ્યો પરિવાર પાસે

(પ્રતિનિધિ) પાદરા, તા.19

પાદરા પોલીસનું "ઓપરેશન મિલાપ" સફળ, મુંબઈથી વિખૂટા પડેલા બાળકને પરિવાર સુધી પહોંચાડ્યો. ગૂમ થયેલા મુક-બધિર બાળકનો 72 કલાકમાં પરિવાર સાથે સુખદ મિલાપ.

પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ જ નથી કરતી, પરંતુ માનવતાની મિસાલ પણ પૂરી પાડે છે. તેનું જીવંત ઉદાહરણ પાદરા પોલીસ સ્ટેશનની ટીમે પૂરું પાડ્યું છે. એક મુક-બધિર અને અજાણ્યા બાળકને કોઈ ઓળખના પુરાવા વગર તેના પરિવાર સુધી પહોંચાડવા માટે પાદરા પોલીસે ધૈર્ય, માનવીય અભિગમ અને આધુનિક ટેક્નોલોજીનો એવો ઉપયોગ કર્યો કે



અંતે બાળકનો તેના પરિવાર સાથે સુખદ મિલાપ કરાવવામાં સફળતા મળી છે.

તારીખ 17 જૂન, 2026ના રોજ 112 જનરક્ષક વાનને ખાંદા ગામેથી માહિતી મળી હતી કે એક અજાણ્યો બાળક મળી આવ્યો છે, જે બોલી કે સાંભળી શકતો નથી. તાત્કાલિક પોલીસ ટીમ સ્થળ પર પહોંચી બાળકને સુરક્ષિત રીતે પાદરા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. પાદરા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પી.આઈ. પી.વી. ગોહિલે બાળકની સ્થિતિને ગંભીરતાથી લઈને તેની ઓળખ મેળવવા માટે વિશેષ તપાસના આદેશ આપ્યા હતા. બાળક પાસે રહેલી બેગમાં કોઈ ઓળખપત્ર કે દસ્તાવેજ ન મળતા તપાસ વધુ પડકારજનક બની હતી. પ્રારંભિક તબક્કે સાઈન લેન્ગ્વેજ એક્સપર્ટની મદદથી બાળક સાથે વીડિયો કોલ મારફતે વાતચીત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ મહત્વની માહિતી મળી ન હતી. ત્યારબાદ પાદરા પોલીસની ટીમે સ્થાનિક કંપનીઓ, ઈંટના ભઠ્ઠાઓ તથા પરપ્રાંતીય મજૂરો વચ્ચે તપાસ હાથ ધરી હતી, છતાં કોઈ ભાળ મળી ન હતી.

---

## સિહોદ રેલ્વે ગળનાળામાં ફરી રેતીની ટ્રકનો અકસ્માત

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.19

પાવીજેતપુર તાલુકાના સિહોદ રેલ્વે ગળનાળામાં આજે ફરી એકવાર રેતી ભરેલી હાઈવા ટ્રક દ્વારા સેફટી એંગલને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ટ્રક પસાર થતી વખતે સેફટી એંગલ તૂટી પડતાં માર્ગ પર અવરજવર પ્રભાવિત થઈ હતી અને રસ્તાની બન્ને બાજુ વાહનોની લાંબી કતારો લાગી જતાં ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ ગળનાળામાં વારંવાર ભારે વાહનો દ્વારા સેફટી એંગલને નુકસાન પહોંચાડવાની ઘટનાઓ બની રહી છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમી પરિસ્થિતિ ઊભી થાય છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક



તંત્ર અને સંબંધિત વિભાગના કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને ટ્રાફિકને ફરી સુચારૂ બનાવવા માટે કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોએ ગળનાળામાં ભારે વાહનોની અવરજવર પર નિયંત્રણ મૂકવા તેમજ સેફટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાની માંગ ઉઠાવી છે. સતત બની રહેલી આવી ઘટનાઓને કારણે લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

## પાંચ વર્ષથી વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી ડભોઈ પોલીસ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.19

વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલ દ્વારા નાસતા ફરતા આરોપી ઓને ઝડપી પાડવા ઓપરેશન પરાક્રમ હેઠળ સુચના ઓ આપેલ જે આધારે ડભોઈ વિભાગ ના નાયબ ઈન્ચાર્જ પોલીસ વડા પી.એન.પટેલે ડભોઈ ના પી.આઇ. ને જરૂરી સુચના ઓ આપી નાસતા ફરતા આરોપી ઓને ઝડપી પાડવા ટીમ બનાવી કામગીરી હાથ ધરેલ જેમાં સુરેશ દસમ તોમર ડભોઈ પોલીસ સ્ટેશન માં પ્રોહિબીશન ના ગુના માં છેલ્લા પાંચ વર્ષ થી નાસતા ફરતો જેને ઝડપી પાડવા ડભોઈ પોલીસે એના મોબાઈલ નંબર મેળવી હ્યુમન શોર્સીસ નો સહારો લઈ સુરેશ દસમ મજુરી અર્થે રાજકોટ તરફ ગયેલ છે જેના મોબાઈલ નંબર નુ લોકેશન મેળવી રાજકોટ જિલ્લા



ના ગોંડલ તાલુકાના મોટા દડવા ગામ ખાતે આવતો હોય જેથી એક ટીમ રાજકોટ મોકલી આપેલ આરોપી ને મોટા દડવા ગામે થી હસ્તગત કરી ડભોઈ હાજર કરેલ છે સુરેશ દશમ પર ડભોઈ પોલીસ મથકે ૨૦૨૧ મા પ્રોહી કલમ ૬૫ એ ઈ ૯૮(૨) ૮૧ મુજબ નો ગુનો દાખલ થયેલ છે આ સફળ કામગીરી માં ડભોઈ પોલીસ ના એ.ટી.પટેલ પી.આઇ., અ.હે. કો.રાજેન્દ્રસિંહ , આ.હે.કો.દિનેશ ભાઈ , અ.હે.કો અર્જુન ભાઈ , અ.હે કો. યુવરાજસિંહ , અ હે.કો ભાવિકભાઈ અને આ.હે.કો. મહેશગીરી બજાવી છે.

## રૂ. ૨૫ હજાર લીધા પછી આવાસ ન અપાવ્યાની ફરિયાદ

**આવાસ** ન મળતા અરજદાર પહોંચ્યો પોલીસ શરણે

(પ્રતિનિધિ) શિનોર, તા.19

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરકારી આવાસ મંજૂર કરાવી આપવાના બહાને રૂપિયા વસૂલ કરી છેતરપિંડી આચરવામાં આવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ મામલે એક અરજદારે શિનોર પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી જવાબદાર વ્યક્તિ સામે કાયદેસર ગુનો નોંધવાની માંગ કરતા સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે.

શિનોર તાલુકાના સાધલી ગામે રહેતા જુનેદભાઈ હમીદભાઈ રાઠોડ દ્વારા શિનોર પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપવામાં આવી છે. અરજી મુજબ, સાધલી ગામના ભૂપેન્દ્રભાઈ ગોહિલે વર્ષ 2025-26 દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસનો લાભ અપાવવાની ખાતરી આપી હતી.

અરજદારના જણાવ્યા અનુસાર, એક આવાસ દીઠ રૂ. 5,000 લેખે કુલ પાંચ આવાસ માટે રૂ. 25,000ની રકમ ગામની એક અનાજની દુકાન ખાતે દુકાનદારની હાજરીમાં ભૂપેન્દ્રભાઈ ગોહિલને આપવામાં આવી હતી. જોકે, તાજેતરમાં સાધલી ગામ માટે આવાસ લાભાર્થીઓની યાદી જાહેર થતાં તેમાં અરજદારનું નામ સામેલ ન હોવાનું જાણવા મળ્યું હતું.

---

#### આર્મ્સ એક્ટના આરોપીને ભાજપમાં ઉપપ્રમુખ પદ, ચર્ચા ગરમાઈ

## લામડાપુરા કાંડના આરોપીની ભાજપમાં વરણીથી વિવાદ

(પ્રતિનિધિ) સાવલી, તા.19

સાવલી તાલુકાના લામડાપુરા ગામમાં સરપંચ પુત્ર સાથે હથિયારો સાથે ગામમાં તોડફોડ ગામમાં આંતક ફેલાવવાના કેસના આરોપી ને ભાજપ તરફ થી કિસાન મોરચાના ઉપપ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે અને ભાજપની ભારે ફજેતી થવા પામી છે.

ગત ગત 14 મી તારીખે સાવલીના લામડા પૂરા ગામે સરપંચ પુત્ર ઉપેન્દ્ર ઉર્ફે મુન્નો પરમાર અને તેમના પરિવારના કૌટુંબીક ઝઘડો થયો હતો અને મુન્ના પરમારે ભાડૂતી ગુંડાઓ લાવીને તલવાર બરછી અને અન્ય મારક હથિયારો સાથે



ગામમાં આંતક મચાવી ને તોડફોડ કરી હતી જેનો વીડિયો સોશિયલ મીડિયા વાયરલ થયો હતો અને મંજુસર પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ હતી જે પ્રકરણ માં ગણતરીના કલાકોમાં મંજુસર પોલીસે તમામ આરોપીઓને જેલ ભેગા કર્યા હતા આ આરોપી પૈકી એક કલ્પેશભાઈ વિનુભાઈ દલસાણીયા રહે દશરથ તા જી વડોદરા ની પણ આ મામલામાં સંડોવણી બહાર આવી હતી અને આરોપી તરીકે ધરપકડ થઈ હતી ત્યારબાદ તમામ આરોપી ઓ નો જામીન પર છુટકારો થયો હતો તેવામાં જામીન થયાના બીજા દિવસે જિલ્લા પ્રમુખ ડો બી જે બ્રહ્મભટ્ટ દ્વારા કિશાન મોરચા માં ઉપપ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી જેનો પત્ર વાયરલ થતાં ભારે ચર્ચા જાગી છે કલ્પેશ દલસાણીયાને જિલ્લા ભાજપે ઉપપ્રમુખ ની જવાબદારી સોંપી ને વરણી મુદ્દો ભારે ચર્ચાસ્પદ બન્યો છે અને શિસ્તબધ્ધ ગણાતી પાર્ટી દ્વારા આર્મ્સ એક્ટ સહિતના ગુના ના આરોપ ના આરોપીને ભાજપમાં નિમણૂક કરતા જિલ્લાના રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા નો વિષય બન્યો છે.

#### સ્થાનિક ગ્રામજનોએ કામની ગુણવત્તા સામે ઉઠાવ્યા ગંભીર સવાલો

## NH-૫૬ના મહત્વના ઓવરબ્રિજની મરામતવિવાદમાં, તપાસની માંગ ઉઠી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.19

છોટાઉદેપુર જિલ્લાના રાઠ વિસ્તારમાંથી પસાર થતા અને ગુજરાતને મધ્યપ્રદેશ સાથે જોડતા નેશનલ હાઈવે નંબર 56 પર ચિસાડિયા રેલવે ટ્રેક ઉપર આવેલા ઓવરબ્રિજની મરામતની કામગીરી હાલ વિવાદોમાં સપડાઈ છે. આ બ્રિજના સમારકામમાં અત્યંત હલકી કક્ષાની સામગ્રી અને નીચી ગુણવત્તાનું કામ થઈ રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યો છે. આ બાબતની જાણ થતાં આમ આદમી પાર્ટી (AAP) ના વિધાનસભા પ્રભારી વિનુભાઈ રાઠવાએ ઘટનાસ્થળે પહોંચી જાત તપાસ કરી હતી, જ્યાં તેમની અને રેલવેના જવાબદાર અધિકારીઓ વચ્ચે તીખી



તકરાર થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હજારો વાહનોની અવરજવરથી ધમધમતા આ ઓવરબ્રિજની મરામતની કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી રહી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ અંગે 'આપ' નેતા વિનુભાઈ રાઠવા તથા જિલ્લા પંચાયત સદસ્ય સુખરામ રાઠવા એ સ્થળ પર જઈ અધિકારીઓને કામગીરીની નબળી ગુણવત્તા બાબતે સવાલો કર્યા હતા. જોકે, જવાબદાર અધિકારીઓ યોગ્ય ખુલાસો આપવાના બદલે ગોળ-ગોળ જવાબો આપતા નજરે પડ્યા હતા. અધિકારીઓએ એવું કહીને પલ્લું ઝાડી દીધું હતું કે, "કામગીરી પૂરી થાય ત્યારે જોજો." અધિકારીઓના આવા બિનજવાબદાર વલણને કારણે માહોલ ગરમાયો હતો અને નેતા તથા અધિકારી વચ્ચે ભારે રકઝક અને ચકમક ઝરી હતી. વિનુભાઈ રાઠવાએ તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે કરોડોના ખર્ચે થતી લોકઉપયોગી કામગીરીમાં ભ્રષ્ટાચાર કે નબળું કામ બિલકુલ ચલાવી લેવામાં નહીં આવે.